જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૬/૧/૨૦૧૭ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી:-** **સમાચાર યાદી નં.૩૯/૧૭**

### પ્રતિબંધીત ચાઇનીઝ દોરીના રૂપીયા ૯૬,૦૦૦/- ના જથ્થા સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરતી સાયબર સેલ ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર

સંયુકત પોલીસ કમિશનરશ્રી, જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, દીપન ભદ્રન,ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા,સાયબર ક્રાઇમ સેલ, ક્રાઇમ બ્રાંચ નાઓની સુચનાથી તેમજ પોલીસ ઇન્સપેકટર જે.એસ.ગેડમ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇન્સ.જે.એમ.જાડેજા તથા પો.સ.ઇ. ડી.જે.જાડેજા નાઓ આગામી ઉત્તરાયણના તહેવાર સબંધે પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના કેસો શોધવા સારૂ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન મળેલ બાતમી હકીકત આધારે ઠકકરનગર ચાર રસ્તા ખાતેથી એક છોટા હાથી લોડીંગ જીજે-૦૧-ડીટી-૩૪૭૧ માં ચાઇનીઝ દોરીના ટેલરો નંગ-૯૬૦ કી.રૂ. ૯૬,૦૦૦/- સાથે આરોપીઓ (૧) દિનેશ ઇશવરભાઇ લાલવાણી ઉ.વ. ૩૨ રહેવાસી બી/૮, આર્યસમાજ મંદીરની બાજુમાં, બંગલા એરીયા, કુબેરનગર, અમદાવાદ શહેર (૨) ગોવિંદ સંગ્રામારામ પંચાલ ઉ.વ.૧૯ રહેવાસી મનુભાઇ રબારીના મકાનમાં જી વોર્ડ માયા સિનેમાની પાસે કુબેરનગર અમદાવાદ શહેર નાઓની તા.૦૫/૦૧/૨૦૧૭ ના કલાક ૧૯/૪૫ વાગે પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓના ચાઇનીઝ દોરી પર પ્રતિબંધ અંગેના જાહેરનામાના ભંગ બદલ ધરપકડ કરવામાં આવેલ છે.

સદર પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા આરોપીઓએ જણાવેલ છે કે આ પ્રતિબંધિત ચાઇનીઝ દોરીનો જથ્થો મોનુભાઇ સરદાર તથા સન્ની સરદાર તથા રાજુ સરદાર ત્રણેય રહે. સિંધુ જયોતિ સોસાયટી માયા સિનેમા પાસે કુબેરનગર અમદાવાદ નાઓએ મંગાવેલ હોવાનું જણાવતા આરોપી મનોહરસિંગ @ મોનુ દર્શનસિંગ જેઠડા ઉ.વ.૩૩ રહે.૨૯, સિંધુ જયોતિ સોસાયટી કુબેરનગ અમદાવાદ નાને તા.૦૬/૦૧/૨૦૧૭ ના કલાક ૦૦/૩૦ પકડી અટક કરવામાં આવેલ છે.

આરોપી મનોહરસિંગ @ મોનુ ની પુછપરછ કરતા જણાવેલ છે કે પોતે આ ચાઇનીઝ દોરીનો જથ્થો દિલ્હી ખાતેના એજન્ટ દિલીપ નામના માણસ મારફતે મંગાવતો હતો અને એજન્ટ દિલીપ આ ચાઇનીઝ દોરીની ડીલીવરી સુરત ખાતે કરતો હતો અને સુરત ખાતેથી એજન્ટ દિલીપ જણાવે તે જગ્યાએથી ચાઇનીઝ દોરીની ડીલીવરી પોતાને મળતી હતી અને ચાઇનીઝ દોરીની ડીલીવરી થઇ ગયા બાદ એજન્ટ દિલીપ ચાઇનીઝ દોરીની ડીલીવરી પેટે નાણાં લઇ જતો હોવાનું જણાવેલ છે.

હાલમાં ચાઇનીઝ દોરી પર પ્રતિબંધ મુકેલ હોઇ અને ચાઇનીઝ દોરીની ખુબ જ ડીમાન્ડ હોઇ ચાઇનીઝ દોરી ઉંચા ભાવે વેચાણ કરવાના હેતુથી લાવેલ હોવાનું તપાસ દરમ્યાન ખુલવા પામેલ છે. જેની આગળની તપાસ પો.સ.ઇ. જે.એમ.જાડેજા નાઓ ચલાવી રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અમદાવાદ તથા આજુબાજુના જીલ્લાઓમાથી પશુઓની ચોરી કરી કત્લ કરી મટન વેચવાના ગુન્હા કરનાર તથા બે દિવસ પહેલા નરોડા નાના ચિલોડા ખાતે થી બાંધેલી ભેંસ તથા પાડીઓની ઇનોવા ગાડી મા ચોરી કરી કત્લ કરનાર ચાર ઇસમોને ગુનામા વાપરેલ ઇનોવા ગાડી સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં લુટ ધાડનાં મિલકત સંબંધી તથા ફોરવ્હીલ ગાડીઓ માંથી સામાન ચોરી તથા પશુ સંરક્ષણ અધિનિયમન હેઠળ ના ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારૂ, તેમજ વોન્ટેડ આરોપીઓને શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.બી.બારડ, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એસ.એન.દેસાઇ તથા સ્ટાફનાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં. તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, ફતેવાડી ઘાંચી હોલ પાસેથી આરોપીઓ (૧) મોહમદ અખ્તર ઉર્ફે કાલીયા મુખતાર જાતે અંસારી ઉ.વ.૩૬ રહે. ૧૩૦/એ ફજલે રહેમાની સોસાયટી બરફની ફેકટરી અંદર હુસેની પાર્કની બાજુમા અસલાલી અમદાવાદ (૨) સલીમખાન ઉર્ફે તળકી દોષમહમદખાન જાતે પઠાણ ઉ.વ.૪૨ રહે.ગુદીવાડ ભુતની આંબલી પાસે ખાડીયા અમદાવાદ શહેર (૩) મહમદ મુસ્તાક ઇકબાલહુસેન જાતે શેખ ઉવ.૨૬ તથા છુટક મજુરીકામ રહે જે/૧૯ વોર્ડ સંકલીતનગર પાંણી ની ટાંકી પાસે જુહાપુરા અમદાવાદશહેર (૪) મહમદરફીક મેહબુબભાઇ જાતે સૈયદ ઉવ.૩૨ રહે. ૧- હુસેની પાર્ક ફજલે રહેમાની સોસાયટી બાજુમા બરફની ફેકટરી પાછળ અસલાલી અમદાવાદ નાઓને ઇનોવા ગાડી નં. GJ-1-KF-2811 ની કિં.રૂ.૩,૦૦,૦૦૦/- ની સાથે તા.૫/૧/૨૦૧૬ નારોજ ઝડપી પાડેલ છે.

**આરોપીનો ગુનાહીત ઇતિહાસ:-**

**આરોપી નં.(૧)** આંઠ-નવ વર્ષ પહેલા રાજકોટ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન તથા સુરેન્દ્રનગર લખતર પોલીસ સ્ટેશન મા પશુ સંરક્ષણ અધિનિયમન ના કેસમા પકડાયેલ છે. તથા સને ૨૦૧૪ મા વેજલપુર પોલીસ સ્ટેશન મા પશુ સરંક્ષણ અધિનિયમન ના કેસમા પકડાયેલ છે જે કેસમા રાજકોટ જેલ ખાતે પાસા અટકાયત થયેલ તથા દોઢેક વર્ષ પહેલા અસલાલી પોલીસ સ્ટેશન મા બે વખત પશુ સરંક્ષણ અધિનિયમન ના કેસમા પકડાયેલ છે તથા આવી પ્રવુતિઓ ચાલુ રાખવા પંદરેક દિવસ પહેલા ઉપરોકત ઇનોવા ગાડીની ખરીદી કરેલ છે.**આરોપી નં.(૨)** સને ૨૦૧૫ માં વેજલપુર તથા પાલડી તથા એલીસબ્રિજ પોલીસ સ્ટેશનો મા ચોરીની સોનાની ચેનો ખરીદવા ના કેસમા પકડાયેલ છે અને તે કેસો મા રાજકોટ ખાતે પાસા અટકાયત થયેલ છે. તેમજ એકાદ વર્ષ પહેલા અસલાલી પોલીસ સ્ટેશન મા પશુ સરંક્ષણ અધિનિયમન ના કેસમા પકડાયેલ છે. **આરોપી નં. (૩)** પાંચેક વર્ષ પહેલા વેજલપુર પોલીસ સ્ટેશન મા દેશી દારુના કેસમા પકડાયેલ છે. **આરોપી નં.(૪)** સાતેક વર્ષ પહેલા અસલાલી પોલીસ સ્ટેશન મા મારામારી ના કેસમા પકડાયેલ છે તથા સાતેક વર્ષ પહેલા અસલાલી પોલીસ સ્ટેશન મા પશુ સરંક્ષણ અધિનિયમના કેસમા પકડાયેલ છે.

પકડાયેલ તમામ આરોપીઓનો ગુનાહીત ઇતિહાસ જોતા પશુઓની ચોરી કરી કત્લ કરી મટન વેચી નાખવાની પ્રવૃતિઓ વાળા હોય આરોપી નં.(૧) અખ્તર ઉર્ફે કાલીયાએ આવી પ્રવૃતિઓ કરવા સારુ પંદરેક દિવસ પહેલા ઉપરોકત ઇનોવા ગાડી ની ખરીદી કરેલ છે. ગઇ તા.૦૩/૦૧/૨૦૧૭ ના રોજ વહેલી સવારે પકડાયેલ તમામ આરોપીઓ તથા અન્ય એક ઇસમ ફારુક ઉર્ફે સેમળો પાંચેય જણા ઉપરોકત ઇનોવા ગાડી લઇ ને નરોડા પાસે ચિલોડા ખાતે ગયેલ અને ત્યા અંદરની બાજુ એક મકાન ની બહાર ભેંસે તથા પાડીઓ ખિલે બાંધેલ હોય આજુબાજુ કોઇ અવર જવર ન હોય ખિલે બાંધેલી એક મોટી પાડી તથા બે નાની પાડીઓની ચોરી કરી ઇનોવા મા નાખી અસલાલી ખાતે આવી કેનાલ પાસે ભાટા કચરા પેટી પાસેની ખુલ્લી જગ્યામા ચોરી કરેલ એક મોટી પાડી તથા બંન્ને નાની પાડીઓની કત્લ કરી તમનુ મટન મિરજાપુર માર્કેટ મા વેચી નાખેલા નુ જણાવેલ હોય જેથી પકડી અટક કરવામા આવેલ છે અને પકડાયેલ ચારેય આરોપીઓને નરોડા પોલીસ સ્ટેશન I ગુ.ર.નં. ૪/૨૦૧૭ ઇ.પી.કો. કલમ- ૩૭૯,૧૧૪, પશુઘાતકી અધિનિયમ કલમ ૧૧(ઇ),(એચ) મુજબ ગુન્હાના કામે સોપવા સારુ તજવીજ હાથ ધરવામા આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## સસ્તાભાવે સોનુ આપવાની લાલચ આપી તેમજ ૩૦ ટકા વટાવથી કાળા નાણા બદલી આપવાની લાલચ આપી તેમજ ડોલરની લે-વેચ કરતા હોવાનુ જણાવી લોકો સાથે છેતરપીંડી કરતી ગેગને પકડી પાડતી સાયબર ક્રાઇમ સેલ અમદાવાદ શહેર.

ક્રાઇમ બ્રાન્ચ સાયબર સેલમાં આવી ફરીયાદીશ્રી કનુભાઇ દાનાભાઇ સોલંકી ઉવ.૩૭ ધંધો: રીક્ષા ડ્રાઇવિંગ રહેવાસી: એલ/૪૪/૪૪૮, ગોપાલપાર્ક, ગોતા અમદાવાદ શહેર નાઓએ પોતાની ફરીયાદ જાહેર કરેલ કે, ગઇ તા.૦૯.૧૨.૨૦૧૬ ના કલાક અગીયાર થી સાડા બાર વાગ્યા દરમ્યાન તરૂણભાઇ, જ્યોત્સનાબેન દેસાઇ, જયંતીભાઇ આહિર તથા ભાવિક દેસાઇ તેમજ એક ઇનોવા ગાડીના ડ્રાઇવર નાઓએ મળી ફરીયાદીને એચ.એલ.કોલેજ તરફ બેંક ઓફ બરોડા થી આગળ જમણી બાજુ વળાંકમાં રોડ ઉપર લઇ જઇ ૧૦૦ ગ્રામ સોનાનુ બિસ્કીટ કિં.રૂ.૨,૫૦,૦૦૦/- નુ રૂ.૨,૦૦,૦૦૦/- માં આપવાની લાલચ આપી તેઓને વાતોમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવી ફરી પાસેથી રૂ.૨,૦૦,૦૦૦/- લઇ લીધેલ અને સોનુ નહી આપી રૂ.૨,૦૦,૦૦૦/- ની છેતરપીંડી કરેલ છે જે ફરીયાદ આધારે ગુનો દાખલ કરી ઉપરી અધિકારીશ્રીઓને આ બાબતે જાણ કરેલ.

જે આધારે સંયુકત પોલીસ કમિ.શ્રી ક્રાઇમ બ્રાંચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ,ક્રાઇમ બ્રાન્ચ તથા મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓએ ઉપરોક્ત ગુનો શોધી કાઢવા સુચના કરેલ જે આધારે પો.ઇન્સ.શ્રી વી.બી.બારડ નાઓના માર્ગદર્શન હેઠળ સ્ક્વૉડના પો.સ.ઇ.જે.પી.રોજીયા તથા પો.સ.ઇ.શ્રી એચ.બી.બાલીયા, નાઓ સ્ટાફના માણસો સાથે સદર ગુનાના આરોપીઓને શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં નિકળેલ દરમ્યાન પોકો અજય રામચંન્દ્ર નાઓને બાતમી હકિકત મળેલ કે, ઉપરોક્ત ગુનો આચરનાર ઇસમો એક સફેદ કલરની સેવરોલે બીટ ગાડી આર.ટી.ઓ.નંબર વગરની છે અને તેમાં એક સસ્તા ભાવે સોનુ અપાવવાની લાલચ આપી લોકો સાથે છેતરપીંડી કરતી ગેંગ છે જે બાતમી આધારે વ્યુહાત્મક આયોજન કરી ઉપરોક્ત સેવરોલે બીટ ગાડીને કેનયુગ ચાર રસ્તા શ્યામલ ચાર રસ્તાથી માણેકબાગ જતાં રોડ પરથી આ ગાડીમાં બેઠેલા ત્રણ ઇસમોને પકડી લીધેલ.

ઉપરોક્ત પકડાયેલ ઇસમોની સઘન પુછપરછ કરતાં ચોકાવનારી વિગત બહાર આવેલ છે જે મુજબ આ કામના આરોપીઓની પુછપરછ કરતાં તેઓ છેલ્લા ચારેક વર્ષથી ગેંગ બનાવી લોકોને અસલી સોનુ બતાવી તેઓને સસ્તા ભાવમાં આ સોનુ વેચવાનુ છે તેમ જણાવી નક્કી કર્યા સમયે જે ગ્રાહક સોનુ ખરીદવા આવે તેને યેનકેન પ્રકારે કોઇ જગ્યાએ ઉભા રાખી તે લઇ આવેલ પૈસા ભોગ બનનાર પાસેથી પડાવી ફરાર થઇ જતાં હતાં. અને આ ગેંગની મીટીંગ કરવા તેમજ આવેલ ગ્રાહકને સેમ્પલ તરીકેનુ સોનાનુ બિસ્કીટ બતાવવાનુ કામ પકડાયેલ મહિલા જ્યોત્સનાબેન નાઓ કરતાં હતાં. જેથી આરોપીઓના બતાવ્યા મુજબ આ જ્યોત્સના બેનના ઘરે તપાસ કરતાં આ જ્યોત્સનાબેન રોકડ રકમ રૂ.૨૦,૨૧,૦૦૦/- સાથે મળી આવેલ અને જેઓને આ નાણા બાબતે પુછપરછ કરતાં પોતે કોઇ સંતોષકારક જવાબ આપતા નથી જેથી મળી આવેલ આટલી મોટી રોકડ રકમ આ ગેંગે પબ્લીક સાથે છેતરપીંડી કરી મેળવેલ હોવાનુ જણાઇ આવતુ હોય આ નાણા કબ્જે કરી આ દિશામાં વધુ તપાસ હાથ ધરેલ છે.

અને હાલ સુધીની તપાસ દરમ્યાન આ આરોપીઓની પુછપરછ કરતાં આશરે ૧૫ ગુના આચરી ચુકેલ છે અને જેમાં આશરે પાંચેક કરોડ રૂપીયાની છેતરપીંડી કરેલ હોવાનુ બહાર આવેલ છે.

આમ ઉપરોક્ત પકડાયેલ ઇસમોએ ભેગાં મળી અમદાવાદ શહેર, ભુજ તેમજ અલગ અલગ જગ્યાઓએ ઘણાબધા ગુન્હાઓ આચરી કરોડો રૂપીયાની છેતરપીંડી બહાર આવે તેવી શક્યતા રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વટવા પોલીસ સ્ટેશન સારી કામગીરીઃ-</u>**

વટવા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૦૪/૨૦૧૭ ધી ઇ.પી.કો કલમ-૩૯૪, ૨૯૪(ખ), ૫૦૬(૨)૩૨૩, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના ફરી.શ્રી સુખરામભાઇ રામપાલભાઇ નિશાદ ઉ.વ-૩૫ રહે-મ.નં-પ્રગતિનગર સોસાયટી, રોહીતભાઇ યાદવના મકાનમાં સન રાઇઝ હોટલની બાજુમાં નારોલ , વટવા, અમદાવાદ નાઓ ગઇ તા-૦૩/૦૧/૨૦૧૭ ના સવારના સાડા નવેક વાગે લોડીંગ રીક્ષા લઇ કાલુપુર માર્કેટમાં ગયેલ હતા અને સાંજના પરત સાતેક વાગ્યાની આસપાસ ગુરુકૃપા સેલ્સ એજન્સી માંથી તેમના મિત્ર કિશોરભાઇની એજન્સી માંથી બે ગોલ્ડ ફલેક સીગારેટના કાર્ટુન તથા રાગ પાન મસાલાના બે કાર્ટુન મળી કુલ-૪ લઇ રાતના આશરે સાડા આઠેક વાગે નારોલ બ્રિજ પાસેથી જતાં હતા તે વખતે એક ઓટો રીક્ષા નં-જી.જે-૦૧.ટી.એ-૭૪૫૪ માં ચાર અજાણ્યા ઇસમોએ ફરી.શ્રીની લોડીંગ રીક્ષાને આગળ જઇ રોકી તેમની સાથી બોલાચાલી કરી ગાળો બોલી તેમને ગદડાપાટુનો માર મારી છરી બતાવી તેમની પાસેની લોડીંગ રીક્ષા માંથી બે સીગારેટના કાર્ટુન કુલ્લે રૂ.૧,૬૬,૦૦૦/-ની મત્તાની લુંટ કરી નાસી ગયેલ હતા જે મુજબની ફરીયાદ આધારે તેમજ રીક્ષા નંબર આધારે તેમજ ખાનગી બાતમીદારો મારફતે સર્વેલન્સ સ્ટાફના માણસોએ આ ગુનાની લુંટ કરવાવાળા બે ઇસમો (૧) રાહુલ બાબુરાવ સહારે તથા (૨) જગદીશ ઉર્ફે જગ્ગુ ધર્માજી ચૌધરી નાઓને પકડી પાડી તેમની પાસેથી આ ગુનામાં ગયેલ બે સીગારેટના કાર્ટુન કિ.રૂ.૧,૬૬,૦૦૦/-ની મત્તાની વસ્તુઓ કબ્જે કરેલ છે અને હાલમાં અન્ય બે આરોપીઓની તપાસ ચાલું છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)